પાલનપુરમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન

સરહદી બનાસકાંઠા જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને ગરમીના વધતા જતા પારા વચ્ચે જિલ્લાવાસીઓ વીજળીના કડાકા વચ્ચે ઝરમર વરસાદ શરૂ થતાની સાથે જ પાલનપુર ના મોટાભાગના વિસ્તારોમાં

મેઘરાજાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. ત્યારે ગતરાત્રે જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં તોફાની પવન સાથે મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું હતું.

પાલનપુરમાં ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જોકે, ભારે વાવાઝોડું ફૂંકાતા લોકોના પતરા, શેડ, શમિયાણા અને હોર્ડિંગ્સ સહિત વીજ વાયરો તથા વૃક્ષો ધરાશાઈ થઈ ગયા હતા.

વીજળી ડુલ થઈ જતા શહેરીજનો બફારા વચ્ચે અકળાઈ ઉઠ્યા હતા. વીજળી ડુલ થઈ જતા લોકો પાવર હાઉસ ખાતે એકઠા થઈ હલ્લાબોલ કરી રોષ ઠાલવ્યો હતો. જોકે, ૫ કલાક બાદ વીજ પુરવઠો પૂર્વવત થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

જોકે, ભારે મેઘ ગર્જના વચ્ચે મેઘરાજાના આગમનના બાદ ક્ષણિક ઠંડક બાદ બફારો વધતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

પાલનપુરમાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ બન્યો ફારસરૂપ

ખુદ સ્થાનિક નગરસેવકો જ રહ્યા અંધારામાં : બેફામ બનેલા કર્મચારીઓએ દાખવ્યું ઉદ્ધત વર્તન

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા દ્વારા ગતરોજ એસ.એન. કોઠારી સ્કૂલમાં ત્રણ વોર્ડના લાભાર્થી ઓ માટેનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જે કાર્યક્રમથી ખુદ સ્થાનિક નગરજનો સહિત લાભાર્થીઓને અંધારામાં રખાયા હોવાની સાથે જવાબદાર કર્મચારીઓ અને અધિકારીઓએ ઉદ્ધત જવાબ આપી અરજદારોને રઝળતા મૂકી દેતા સમગ્ર કાર્યક્રમ ફરસરૂપ પુરવાર થયો હતો.

પાલનપુરની એસ. એન. કોઠારી પ્રાથમિક શાળામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની જાણ ખુદ સ્થાનિક નગર સેવકોને જ કરાઈ ન હોવાની ગંભીર ક્ષતિ બહાર આવી હતી. તો વળી, ભાગના લાભાર્થીઓ પણ

વ્યાપક પ્રસિદ્ધિના અભાવે મોટા અંધારામાં રહ્યા હોવાની રાવ ઉઠી

ભારે અવ્યવસ્થા સર્જાઈ

સેવા સેતુ કાર્યક્રમમાં ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ સહિતના દાખલા કઢાવવા આવેલા અરજદારોને ભારે નિરાશા સાંપડી હતી. આંગણવાડી સુપરવાઈઝરના ટેબ્લેટ ખોરવાતા લોકો રઝળી પડ્યા હતા. તો વળી, થરાદરા નામનો ખાઈબદેલો અધિકારી તો જાણે ભાજપ વિરોધી માનસિકતા ધરાવતો હોય તેમ આંગણવાડી બહેનો સહિત લાભાર્થીઓ પર અપશબ્દોનો વરસાદ વરસાવતો હોવાની બુમરાણ મચી હતી. ત્યારે સેવા સેતુ કાર્યક્રમ ભાજપ માટે લાભ ના બદલે નુકસાનકારક સાબિત થાય તેવી શક્યતાઓ ખુદ ભાજપી કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે.

છે. જોકે, ભાજપના શાસકો દ્વારા ખુદ ભાજપ ના નગરસેવકોને અંધારામાં રાખવા પાછળનો આશય ભાજપી નગરસેવકોમાં ચર્ચાસ્પદ બન્યો છે. આ ઉપરાંત સેવાસેતુ કાર્યક્રમમાં ફરજ પર હાજર કર્મચારીઓ અને અધિકારીઓ પણ જાણે તેમના પર આ કામગીરી થોપી દેવાઈ હોય તેમ લાભાર્થીઓ પર તાડૂકી ઉદ્ધત વર્તન કરતા હોવાની બુમરાણ મચી હતી. જેને પગલે સમગ્ર કાર્યક્રમ ફારસરૂપ પુરવાર થયો હતો.

પ્રાંતિજમાં ખુલ્લી ગટરમાં બાઈકસવાર પટકાયો

રોડ કોન્ટ્રાકટરની બેકાળજી તથા એલઇડી લાઇટોનું પ્રકાશ ન પડતા બાઈકસવાર પટકાયો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ કુંભારવાસથી અંબાજી માતાનાં મંદિર સુધીના મોટી કુંડીઓ હોવાથી રીક્ષા પણ રોડ ઉપરથી નિકળે તેમ નથી જયારે બીજી બાજુ એલઈડી લાઈટો નાખ્યાં પછી પણ આ વિસ્તારમાં અંધકાર લાલચંન્દ્ર ભટ્ટ ઉવર્ષ-૧૯ તેના મિત્રને પાછળ બેસાડીને ત્યાંથી બાઈક ઉપર જઈ રહ્યાં ત્યારે ખુલ્લી ગટરની કુંડીમાં પટકાતાં તેને માથાનાં ભાંગે

રોડનું કામ પૂર્ણ થયું છતાં ગટરની કુંડી ખુલ્લી રહેતાં અંધારાના કારણે ત્યાંથી અવરજવર કરનાર લોકો કુંડીમાં પડે છે છતાં તંત્ર ગોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે.

પ્રાંતિજ નાની ભાગોળ કુંભારવાસમાં રોડ બન્યો ને દિવસો થયાં છતાં રોડ કોન્ટ્રાક્ટર દ્વારા રોડ વચ્ચે આવતી કુંડીઓ ઢાંકવામાં ના આવતાં તથા રોડની બન્ને બાજુ નાની છવાયો છે અને માત્ર એલઈડી લાઈટો હાલ તો શોભાના ગાંઠીયા સમાન છે. અને અંધાળુ પડતાં રોડ ઉપર રહેલ ખુલ્લી કુંડીઓમાં ત્યાંથી અવર જવર કરનાર વ્યક્તિઓને અંધારાના કારણે કુંડીઓ ના દેખાતા કુંડીઓમા પડવાના બનાવ બન્યા છે ત્યારે રોડ કોન્ટ્રાક્ટર દ્વારા કુંડીઓ ઉપર ઢાંકણા મારી બંધ કરવામાં ના આવતાં ગઈ રાત્રીએ બાઈક સવાર હાથે-પગે ઈજાઓ પહોચતા તેને સ્થાનિકો દ્વારા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ત્યારે હાલ તો રોડ કોન્ટ્રાક્ટર દ્વારા ઢાંકણા મુકવામાં ના આવતાં તથા એલઈડી લાઈટનું ઓછો પ્રકાશ હોવાથી અંહી કુંડીઓમાં પટકાવાના બનાવો પણ યથાવત છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા સત્વરે જાગીને કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ભિલોડાના નાંદોજમાં દિપડાએ વાછરડાનું મારણ કરતાં પશુપાલકો ભયભીત

દિપડો વારંવાર પશુઓનું મારણ કરતાં પશુપાલકો - ભરવાડોને રાત્રે ઉજાગરા કરવાનો વારો

ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના નાંદોજ ગામમાં ખુંખાર દિપડાએ સીમવિસ્તારમાં એક વાછરડાનું મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતાં પશુપાલકો, ભરવાડોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકાના સામાજીક કાર્યકર મગનભાઈ ઠાકોર અને સંકેતભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ નાંદોજ ગામના પશુપાલક જયંતીભાઈ રામાભાઈ પટેલના તબેલામાં બાંધેલું ૧૫ મહિનાના વાછરડાનું ખુંખાર દિપડાએ મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

નાંદોજ, રામનગર પંથકમાં ખુંખાર દિપડા છેલ્લા કેટલાક સમયથી આતંક દિન-પ્રતિ-દિન વધતાં વારંવાર પશુઓનું મારણ કરતાં ભરવાડો, પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો

છે. ભરવાડો, પશુપાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

પશુપાલકો ધ્વારા વન વિભાગના જવાબદાર અધિકારીઓને રજુઆતો કરવા છતાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા વન વિભાગના અધિકારીઓ ખુંખાર દિપડાને પાંજરૂ મુંકીને કેમ ઝડપી શકતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે. વન વિભાગ ધ્વારા પાંજરૂ મુંકી દિપડાને પકડવાની કામગીરી ના કરાતાં ખેડુતો, પશુપાલકો, ભરવાડો મધ્યરાત્રેફટાકડા ફોડી ઉજાગરા કરી દિવસો ગુજારી રહ્યા હોવાનું ખેડુતો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર, નાંદોજ પંથક સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો, પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ભયની લાગણી અનુભવી રહ્યા છે. નાંદોજ પંથકના ખેડુતો, પશુપાલકો, ભરવાડો, પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે કે જીલ્લાના વન વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાને પાંજરૂ મુંકી ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.

પ્રાંતિજ સહિત તાલુકામાં સાંજે વાતાવરણમાં પલ્ટો

પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી, ગરમીનો પારો નીચો જતાં ગરમીમાં ઘટાડો થયો : કેટલાક વિસ્તારોમાં પહેલા વંટોળમાં જ એલઇડી લાઇટો ડુલ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં અચાનક વાતાવરણમાં પલ્ટો આવતાં મોડી સાંજે પવન વિજળી સાથે ધુળની ડમરીઓ ઉડી હતી અને પવનને લઇને ગરમીમાં પણ રાહ થઈ હતી.

પ્રાંતિજ ખાતે મોડી સાંજે અચાનક વાતાવરણ બદલાતા તેજ પવન, વિજળી, અને ધૂળની ડમરીઓ ઉડવા માંડી હતી અને લોકોના મકાનો સહિત દુકાનોમા ધુળ ધુળ થઈ ગઈ હતી જયારે કેટલાક વિસ્તારોમાં એલઈડી લાઈટો માત્ર પહેલાં જ પવનમાં ડુલ થઈ ગઈ હતી અને અંધકાર છવાયો હતો તો કેટલીય જગ્યાએ એલઈડી લાઈટો ઝબક ઝબક જબકારા લેતી થઈ હતી જ્યારે પવન ફુંકાતા ગરમીનો પારો નીચે જતાં ગરમીમાં ઘટાડો થયો હતો અને પ્રાંતિજ સહિત પંથકમાં લોકોને ગરમીથી તોબા પોકારી ઉઠ્યા છે જેમાં ગરમીથી લોકોને રાહત થઈ હતી.

પ્રાંતિજ ક્ષત્રિય સમાજનું ગૌરવ

જયસિંહ ચૌહાણ (પૂર્વ શિક્ષણ મંત્રી)ના ભાણીબા કુ. હિરાંશી રૂપેશસિંહ ઝાલા ચાલુ શાલે લેવાયેલ ધોરણ-૧૦ (સીબીએસઈ)ની પરીક્ષામાં મોડાસાની શ્રીમતિ બી.બી. કલરવ એકેડમી સ્કૂલમાં ૮૮% (સીજીપીએ ૯.૨) ગુણ મેળવી શાળા ઉપરાંત કુળનું તથા ક્ષત્રિય સમાજનું નામ રોશન કરતા ક્ષત્રિય સમાજનું ગૌરવમાં વધારો થયો છે. જયારે શાળા પરિવાર સહિત સગાં સંબંધીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

મેઘરજ તાલુકાના ધનીવાડા પાસે બાઈક ચાલકે કાબુ ગુમાવતા એકનુ મોત

મેઘરજ, તા. ૪

શનીવારના રોજ સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ખરોડ ગામના પ્રભાતસિહ દાજીસિંહ ઉ. વ.૫૫ અને બાયડ તાલુકાના ઘોમ ગામના માનસિંહ સરદારસિંહ સોલંકી ઉ. વ. ૫૦ આ બંને મેઘરજ તાલુકાના વસાઈ ગામે સબંધીના ત્યાં બાઈક પર જઈ રહ્યા હતા તે અરસામાં ઉન્ડવા રોડ પર ધનીવાડા પાસે બાઈક ચાલક પ્રભાતસિંહે બાઈકના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં બાઈક રોડ સાઈડ આવેલ બાવળને ટકરાતાં પ્રભાતસિંહનુ ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. જ્યારે માનસિંહને મોઢાના ભાગે તેમજ શરીરના ભાગે નાની મોટી ઈજાઓ થતાં સારવાર અર્થે મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

પાલનપુર શહેરમાં નવાબી સમયની ઐતિહાસિક મીઠીવાવની ખંડેર હાલત

મીઠી વાવમાં કોતરણી કામ કરેલી કલાત્મક મૂર્તિઓ ખંડેર હાલતમાં તો કેટલીક ચોરાઈ ગઈ છે

પાલનપુર, તા. ૪

પાલનપુર શહેર અંતર અને ફૂલોની સુગંધ બેદરકારીને પગલે વાવમાં રહેલી કોતરણી કામ કરેલી કલાત્મક મૂર્તિઓ કેટલીક ખંડેર હાલતમાં

છે તો કેટલીક ચોરાઈ ગઈ છે. હાલના વડાપ્રધાન અને એક સમયના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ ત્રણ દિવસ સુધી પાલનપુર શહેરની મુલાકાતે હતા. દરમિયાન શહેરની મીઠીવાવની દયનીય સ્થિતિ જોઈને રુપિયા ૨૫ લાખ આપવાની જાહેરાત પણ કરી હતી. પરંતુ જાહેરાત બાદ શું થયું. પૈસા ક્યારે આવ્યા અને ક્યાં વપરાશ થયો તે બધુ રામભરોસે છે. પાલનપુર શહેરમાં પ્રવેશ કરતાં જ જોવાલાયક સ્થળોના બોર્ડ લગાવેલા છે. આ બોર્ડમાં મીઠીવાવનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ જો કોઈ પ્રવાસી મીઠીવાવની મુલાકાત લે તો તંત્રના ધજાગરા ઉડે તેવી સ્થિતી સર્જાય છે. જેને લઈને સ્થનિક લોકોને પણ નીચુ જોવાનો વારો આવે છે. મહત્વની વાત એ છે કે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ આપવા છતાં કેમ કોઈ ખર્ચ આ વાવ પાછળ નથી કરાતો જેને લઈને તંત્રની કામગીરી શંકાના ઘેરામાં છે.

માટે એક સમયે વખણાતુ હતું. આ શહેર પોતાની ૭૦૦ વર્ષ જૂની ઐતિહાસિક મીઠીવાવ માટે પણ જાણીતુ છે. પરંતુ પુરાતત્વ ખાતાની નબળી કામગીરીને કારણે ઐતિહાસિક વારસો ધૂળ ખાઈ રહ્યો છે. પાલનપુર શહેરના બહાદુર ગંજ વિસ્તારમાં આવેલી આ ઐતિહાસિક મીઠીવાવ છે કહેવાય છે કે આ વાવમાંથી નવાબી શાસન વખતે સમગ્ર પાલનપુર શહેરને મીઠુ પાણી મળી રહેતુ હતું. શહેરની ગલીમાં પ્રવેશ કરતાં જ મીઠીવાવ તો નજરે પડે છે પરંતુ આ મીઠી વાવમાં કોઈ પણ રીતે કાળજી લેવામાં આવી હોય તેવુ નજરે નથી પડતું. મીઠી વાવમાં નજર કરતાં ઠેર ઠેર કચરો જોવા મળી રહ્યો છે. તંત્રની

મેઘરજમાં સ્વાઈન ફલુથી ૫૫ વર્ષીય આધેડનુ મોત

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં અગન વરસાવતી કાળજાળ ગરમીમાં સ્વાઈન ફ્લુના રોગચાળાએ કાળો કેર વરતાવ્યો છે. ત્યારે રવિવારમા રોજ મેઘરજ ગાયત્રી સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષીય ઈસમનુ સ્વાઈન ફલુથી મોત થતાં તાલુકાની પ્રજામાં ભારે ગભરાટ ફેલાયો છે.

મેઘરજનગરની ગાયત્રી સોસાયટીમાં રહેતો નનામા પરીવારમાં ૧૫ દિવસ અગાઉ ૫૫ વર્ષીય ભરતભાઈ નનામાને સારવાર દરમિયાન રીપોર્ટમાં સ્વાઈન ફલુ જણાતાં પરીવારના તમામ સભ્યો અચાનક ગભરાઈ ગયા હતા અને જેઓ અમદાવાદ ખાતે સારવાર લઈ રહ્યા હતા જેમાં રવિવારના રોજ ૫૫ વર્ષીય ઈસમ અને પશુ ચિકિત્સક તરીકે ફરજ બજાવતા ભરતભાઈ નનામા ઉ.વ.૫૫ રહે. ગાયત્રી સોસાયટી મેઘરજની અચાનક તબિયત લથડતાં સ્વાઈનફ્લુને લીધે તેમનુ મોત નિપજ્યુ હતુ. સ્વાઈન ફ્લુના રોગને લઈને આરોગ્યતંત્ર ધ્વારા સર્વે હાથ ધરાયો છે. તંત્ર ધ્વારા તાકીદે મેઘરજની તમામ સોસાયટીમાં દવાનો છંટકાવ કરી આરોગ્યતંત્ર ધ્વારા સર્વે હાથ ધરવામાં આવે તેવી પ્રજાજનોએ માંગ કરી છે.

ધાનેરા સેન્ટરમાં આવેલ હોટલમાં ચાલતા ગોરખધંધા માટે જવાબદાર કોણ ?

ધાનેરામાં અનેક પ્રકારના વહેપારીઓ પોતાના વહેપાર કરીને ગુજરાન ચલાવે છે ત્યારે એક પ્રખ્યાત હોટલમાં હોટલ અને રેસીડેન્ટના નામે ગોરખધંધાઓ પણ ચાલી રયા છે. કેટલાક વર્ષોથી ચાલી રહયા છે. આવાં ધંધાઓની જાહેરમાં પોલ ખુલી હતી પરંતુ પોલીસ તંત્ર અને અધિકારીઓની મીલીભગતના કારણે આવી હોટલો પર હજી સુધી સિલ મારવામાં આવેલ નથી કેમ ? આવી આ હોટલ પર તપાસ થાય અને પોલીસ તંત્ર તેમજ લાગતા વળગતા અધિકારી તપાસ કરીને હોટલને સિલ કરશે કે પછી ગોરખધંધામાં ભષ્ટ અધિકારીઓ પણ લાભ લઈને મોજ માણશે ?

અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા મોડાસામાં સ્વચ્છતા અભિયાન

સ્વચ્છતા કાર્યક્રમ અન્વયે મોડાસામાં બસ સ્ટેશનથી ચાર રસ્તા સુધી સતત ચાર કલાક સફાઈ કરાઈ

મોડાસા, તા. ૪

પંડીત દિનદયાળ જન્મ અંગે કાર્યક્રમ રૂપે સવારે ૭ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી સફાઈ કરવામાં આવી

શતાબ્દી વર્ષ અંતર્ગત પ્રદેશ ભાજપના વિસ્તારક યોજના કાર્યક્રમના અંતીમ ચરણમાં એક સેવાકીય પ્રવૃત્તી થાય તે હેતુસર મોડાસા શહેર સંગઠન ધ્વારા મોડાસા શહેરના બસ સ્ટેશનથી માંડીને મોડાસા ચાર રસ્તા સુધીનો સ્વચ્છતા હતી. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા પ્રભારી પ્રદેશ સંગઠન મંત્રી હર્ષદગીરી ગોસ્વામી અને અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી જોડાયા. સાથે મોડાસા શહેર સંગઠન પ્રમુખ જગદિશભાઈ ભાવસાર અને મોડાસા શહેર મંડલના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ, શહેરના આગેવાનો નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વનીતાબેન પટેલ અને સાથી સદસ્યો જોડાયા હતા અને સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતના નારા સાથે સફાઈ કરવામાં આવી હતી.

રાજ્યમાં ૪૮૦૦૦ જેટલા બુથ વિસ્તારકો દ્વારા ગત તા. ૨૮મીથી વિસ્તારક યોજના અન્વયે પોતાને ભાગે આવેલ બુથ ઉપર વિસ્તારક કામે લાગી ગયા છે, આજે આઠમો દિવસ હતો અને મોટાભાગના બુથ વિસ્તરોમાં સ્વચ્છતા કાર્યક્રમો કરાયા હતા. તા.૫મી જૂને યોજના વિરામ પામશે પણ જે તે બુથ ઉપર વિસ્તારકો સતત સંપર્ક જાળવી રાખશે. નવ દિવસ દરમિયાન કાર્યકરોએ ઘરે ઘરે જઈને પરિવારોની મુલાકાત લીધી હતી અને રાજ્ય અને કેન્દ્ર સરકારની લોક કલ્યાણની યોજનાઓ સેવાઓના લાભાર્થીઓ સહિત તમામ લોકોને મળી તેમના સુખ-દુ:ખની વાતો આત્મીયતાથી સાંભળી હતી.